# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૬/૮/૨૦૨૦

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

આપના દૈનિકમાં નીચેના સમાચારને સ્થાન આપવા મહેરબાની કરશોજી.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ગુજરાત સરકાર દ્વારા આજ રોજ બહાર પાડવામાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ પોલીસી આવકાર દાયક

આજરોજ ગુજરાત સરકાર દ્વારા નવી ઈન્ડસ્ટ્રીયલ પોલીસીની જાહેરાત કરવામાં આવી છે તેને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતનભાઈ દેસાઈ અને કાર્યવાહક પ્રમુખ શ્રી દિનેશભાઈ નાવડીયાએ આવકારી છે.

આ પોલીસીને આવકારતા તેમણે જણાવ્યું હતું કે ભૂતકાળમાં દક્ષિણ ગુજરાત ચેમ્બર તરફથી થયેલ રાજયની નવી ઔદ્યોગિક નીતિના ઘણા સૂચનો આજે જાહેર કરેલ પોલીસીમાં ઉમેરવામાં આવેલ છે.

૧. નવી પોલીસી અંતર્ગત થ્રસ્ટ સેકટર અને કોર સેકટરનું જે વર્ગીકરણ કર્યુ છે જે અંગે દક્ષિણ ગુજરાત ચેમ્બર દ્વારા આગળ રજૂઆત થયેલ હતી અને તેમાં ટેકનિકલ ટેક્ષ્ટાઈલ, જેમ્સ એન્ડ જવેલરી, ઈલેકટ્રીક વ્હીકલ અને તેના કોમ્પોનન્ટ અને ગ્રીન એનર્જીનો સમાવેશ કરેલ છે. તેનાથી દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને વેગ મળશે.

૨. રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫માં ઈન્ડસ્ટ્રીયલ પોલીસી જાહેર કરાયેલ હતી અને તેમાં વર્ષ ૨૦૧૬માં ઉદ્યોગકારોના ઈન્વેસ્ટમેન્ટની સામે નેટ જી.એસ.ટી. રિફંડની કેપિટલ સબસીડી જાહેર કરાયેલ હતી. આ પોલીસીના અમલીકરણ વખતે ઉદ્યોગપતિઓને ઘણી તકલીફો પડતી હતી. તેને

સિમ્પ્લીફાઈ કરવા અંગે પણ અમારા દ્વારા રજૂઆત થઈ હતી. સરકારશ્રી દ્વારા આજની જાહેરાતમાં ઉપરોકત પોલીસી નેટ જી.એસ.ટી. રિફંડ કાઢી નાંખી સીધી જ કેપિટલ સબસીડી આપવાની જાહેરાત કરાઈ છે. જે ઘણો આવકારભર્યો નિર્ણય છે અને તેને ઉદ્યોગપતિઓએ સહર્ષ આવકાર્યો છે.

૩. એમ.એસ.એમ.ઈ.ની સબસીડીવાળી રાજય સરકારની સ્કીમ દક્ષિણ ગુજરાતમાં લોકપ્રિય હોઈ તથા રાજયમાં આવેલ એમ.એસ.એમ.ઈ. ક્ષેત્રના એકમોમાંથી ૫૦% એકમો દક્ષિણ ગુજરાતમાં આવેલ હોઈ અમારા ચેમ્બર દ્વારા કેપિટલની ઈન્ટરેસ્ટ સબસીડી વધારવા અંગે રજૂઆત થઈ હતી. સરકારશ્રી દ્વારા આજની જાહેરાતમાં કેપિટલ સબસીડીની મર્યાદા મહત્તમ ૨૫ લાખથી વધારી ૩૫ લાખ કરી. તથા ૧૦ કરોડથી ઉપર રોકાણ કરનારા એકમોને વધારાની ૧૦ લાખની કેપિટલ સબસીડી આપવાની જાહેરાત કરી. તેનાથી દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને નવો વેગ મળી શકે છે. આ નિર્ણયના કારણે ઘણા બિઝનેસની વાયેબિલીટી આવી ગઈ છે. તેનાથી ઔદ્યોગિક વિકાસને જરૂરથી વેગ મળી શકશે અને દક્ષિણ ગુજરાતને તેનો સૌથી વધુ લાભ મળી રહેવાની સંભાવનાઓ છે. ઈન્ટરેસ્ટ સબસીડી જેની મહતમ મર્યાદા ૩૦ લાખ હતી તેને પણ સરકારશ્રી દ્વારા ૩૫ લાખ કરવામાં આવી છે. જે ઘણી આવકાર્ય બાબત છે.

૪. એમ.એસ.એમ.ઈ.ની સૂર્ય ઉર્જા પોલીસી જે સરકારશ્રી દ્વારા ઓકટોબર–૨૦૧૯માં લાવવામાં આવેલ હતી. તેમાં ૧૫ મિનિટના ટાઈમ બ્લોક પ્રમાણે બિલીંગ સીસ્ટમ હતી. ચેમ્બર દ્વારા આ પોલીસી અંતર્ગત એનર્જી બેંકીંગની સુવિધા આપવા વારંવાર રજૂઆત થયેલ હતી. સરકારશ્રી દ્વારા આજની જાહેરાત દ્વારા સવારે ૭:૦૦ થી સાંજે ૬:૦૦ના સમયગાળા દરમ્યાન જનરેશનનો વપરાશ અંગે એનર્જી બેંકીંગની સુવિધા જાહેર કરેલ હોઈ ઘણા એમ.એસ.એમ.ઈ. એકમોને પોતાનો વિજળીનો ખર્ચ ઘટાડવા આ જાહેરાત પ્રોત્સાહિત નિવડી શકે છે એવું અમારું માનવું છે. સાથે સાથે એ.પી.પી.સી. રેટ જે રૂા. ૧.૭૫/યુનિટનો હતો તેને પણ વધારીને સરકારશ્રી દ્વારા રૂા.૨.૨૫ કરવામાં આવેલ છે. સાથે સાથે હાલ સુધી કોઈપણ સૂર્ય ઉર્જાના કેપેક્ષ રોકાણ અંતર્ગત કોઈ સબસીડી નહોતી. તેમાં સરકારશ્રી દ્વારા ઈન્ટરેસ્ટ સબસીડીની જાહેરાત કરેલ છે. તે ઘણી આવકાર્ય બાબત હોઈ રાજયમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ટેક્ષ્ટાઈલ વીવીંગ સેકટર છે તેને પોતાનો વિજળી ખર્ચ ઘટાડવા ખૂબ મદદ મળી શકે તેવું ચોકકસપણે કહી શકું છું.

૫. ઈમ્પોર્ટ સબ્સ્ટીટયુશન માટે પ્રોત્સાહક પોલીસી આપવા ચેમ્બર દ્વારા રજૂઆત કરવામાં આવેલ હતી. જેને ગ્રાહય રાખી સરકારશ્રી દ્વારા આજની જાહેરાતમાં વિદેશી ટેકનોલોજી સંપાદિત કરવા અર્થે કુલ ખર્ચના ૬૫% સુધી નાણાંકીય સહાય આપવાની જાહેરાત કરેલ છે જેની મહતમ મર્યાદા ૫૦ લાખ સુધી આપેલ છે. જોકે, અમારી અપેક્ષા રૂા. ૧ કરોડ સુધીની હતી પરંતુ શરૂઆત કરવાની દ્રષ્ટિએ અમારી માંગણીને પોલીસીમાં સામેલ કરવામાં આવી છે તેને અમો આવકારીએ છીએ.

૬. હાલમાં સમગ્ર ગુજરાતમાં જમીનના ભાવ ઘણા વધી ગયા હોઈ કોઈપણ ઔદ્યોગિક એકમોને નવું રોકાણ કરવું હોય તો જમીનનો કોસ્ટના કારણે ઘણા ધંધા અનવાયેબલ થઈ જતા હતા. સરકારશ્રી

દ્વારા સરકારી જમીન તેની માર્કેટ વેલ્યુના માત્ર ૬% ના વાર્ષિક દરે લાંબા ગાળા સુધી લીઝ પર આપવાની જાહેરાત કરેલ છે. જે અંતર્ગત અત્યાર સુધી મોટા ઉદ્યોગોને જમીન સંપાદન કરવાની તકલીફ પડતી હતી તેમાંથી છૂટકારો મળી રહેશે તથા તેમના દ્વારા કરવામાં આવેલ ઈન્વેસ્ટમેન્ટ માટેની રકમમાં ઘટાડો થવાની સંભાવનાઓ છે અને આથી કરીને ઉદ્યોગકારોને પોતાના ઈન્વેસ્ટમેન્ટની સામે સારું એવું રઠય (રિટર્ન ઓન ઈન્વેસ્ટમેન્ટ) શકય બનવાની ધારણા છે.

૭. સ્ટાર્ટ અપને પણ સરકારશ્રી દ્વારા સીડ ફંડ રૂા. ૨૦ લાખથી વધારી રૂા. ૩૦ લાખનો કરવાથી પણ રાજયમાં આવી રહેલા યુવાઓ ધ્વારા સ્થાપવામાં આવતા સ્ટાર્ટ અપને ઘણું પ્રોત્સાહન મળી રહે તેવી શકયતા છે. જોકે, અમારી અપેક્ષા રૂા.૫૦ લાખ સુધીની હતી.

૮. મહિલા સંસ્થાપકને સરકારશ્રી દ્વારા સસ્ટેનન્સ એલાઉન્સ રૂા.૨૫ હજાર પ્રતિ માસ વધુ એક વર્ષ લંબાવી આપવાથી મહિલા ઉદ્યોગ સાહસિકોને સ્ટાર્ટ અપ સ્થાપવામાં પ્રોત્સાહન મળી રહે તેવી શકયતાઓ જોઈ રહયા છીએ.

૯. પ્રોડકટ ડેવલપમેન્ટ સેન્ટર ઉભા કરવા માટે રૂા. ૫ કરોડની આર્થિક સહાય ઔદ્યોગિક એકમોને જાહેર કરવામાં આવેલ છે તે ઘણી આવકાર્ય છે. દક્ષિણ ગુજરાતમાં આવેલ ટેક્ષ્ટાઈલ ક્ષેત્ર આ યોજનાનો ભરપૂર ઉપયોગ કરી નવા પ્રોડકટ માર્કેટમાં લાવે તો વિશ્વ બજાર હસ્તક કરવાની શકયતાઓ થઈ શકે છે.

૧૦. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત દક્ષિણ ગુજરાત ચેમ્બર તથા ગુજરાતના અન્ય ચેમ્બર દ્વારા પણ વારંવાર સરકારશ્રીને રજૂઆત કરવામાં આવી હતી જેના અંતર્ગત ગુજરાતમાં આવેલ તમામ ચેમ્બરો દ્વારા મે મહિનામાં ડો. રાહુલ ગુપ્તાની અધ્યક્ષતામાં એક વેબિનાર મિટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં તમામ ચેમ્બરો દ્વારા સિંગલ વિન્ડો સીસ્ટમ બનાવવા અનુરોધ કરવામાં આવેલ હતો. આજે જાહેર થયેલ પોલીસીમાં સરકારશ્રી દ્વારા ઈન્ડસ્ટ્રીયલ એકસ્ટેન્શન બ્યુરોને સિંગલ પોઈન્ટ કોન્ટેકટ તરીકે જાહેરાત કરેલ છે અને રિલેશનશીપ મેનેજરની સુવિધા રોકાણકારને આપેલ છે. અમે માનીએ છીએ કે હવે પછી કોઈપણ ઉદ્યોગકારોને કોઈ નવો ઉદ્યોગ સ્થાપવો હોય અને તે અંતર્ગત જે કોઈપણ પરમિશન કે લાયસન્સ લેવાના હોય તે સિંગલ વિન્ડો સીસ્ટમથી શકય બનશે.

---

આ પોલીસીના સંદર્ભમાં પોતાના પ્રતિભાવ વ્યકત કરતા ભૂતપૂર્વ પ્રમુખ શ્રી કમલેશભાઈ યાજ્ઞિકે જણાવ્યું છે કે યુનાઈટેડ નેશનના ૧૭ સસ્ટેનેબલ ગોલ્સનો સમાવેશ આ ઈન્ડસ્ટ્રીયલ પોલીસીમાં કરેલ છે. જેના કારણે આવતા પાંચ વર્ષમાં કોરોના પછી પણ અનએમ્પલોયમેન્ટનું સ્તર નીચે જશે અને જી.ડી.પી. ડબલ ડિજિટમાં ચાલુ જ રહેશે એવું આયોજન કરવામાં આવેલ છે.

ઈન્ડસ્ટ્રીયલ રેવોલ્યુશન ૪.૦ ને આ પોલીસીમાં ધ્યાનમાં લેવામાં આવેલ છે, જેમાં કોર અને સનરાઈઝ સેકટરને સમાંતર મહત્વ આપવામાં આવેલ છે.

ફિકસ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટ સબસીડી એ એક યુનિક સબસીડી છે જેમાં કોઈપણ તાલુકામાં ૪ થી ૧૨% જેટલું ઈન્વેસ્ટમેન્ટ કરી શકાશે જે ખૂબ જ સુંદર બાબત છે.

જી.એસ.ટી.ના કારણે ઉદ્યોગકારો અને વપરાશકારોને ઘણો ફાયદો થશે.

વિશ્વની શ્રેષ્ઠ ટેકનોલોજી ખરીદવા ૬૫% સબસીડી સરકાર તરફથી આપવામાં આવશે તે એક ખૂબ સુંદર બાબત છે.

ગુજરાતમાં સ્કીલ મેનેજમેન્ટ નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશનની લાઈન ઉપર આગળ વધે તેના માટેની ખૂબ જ સુંદર સરળતા કરવામાં આવી છે.

કલાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ માટે સસ્ટેનેબલ મેન્યુફેકચરીંગમાં ૦% વેસ્ટ સીસ્ટમ અપનાવાશે જેનાથી પોલ્યુશન ઓછું થશે.

---

ગુજરાત સરકારની આ પોલીસી સંદર્ભે પોતાના મંતવ્યો જણાવતા તત્કાલીન ભૂતપૂર્વ પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યું હતું કે...

- ઓવરઓલ પોલીસી સારી છે.
- કેપિટલ સબસીડીમાં ૧૦% અને ૧૨% એમ ડાયરેકટ સબસીડી છે જેથી મોટા ઉદ્યોગોને ફાયદો છે.
- એમ.એસ.એમ.ઈ.માં કેપ મૂકી છે જે કેપ ન મૂકવાની હતી.
- ખરેખર ગ્રોથ જોઈતો હોય તો, ઈન્ડસ્ટ્રીનો હાથ પકડવાની જરૂર છે અને સમગ્ર સબસીડી અપફ્રન્ટ આપવાની જરૂર છે. રીએમ્બર્સ ( Reimburse) ને કોઈ ફાયદો નથી.
- એમ.એસ.એમ.ઈ. ઈન્ટરેસ્ટ સબસીડીમાં જે ૧% ની સબસીડી આપી છે તે આવકાર્ય છે.
- એમ.એસ.એમ.ઈ. ધ્વારા વિદેશી ટેકનોલોજીઓના સંપાદનમાં ૬૫%ની સહાય જે આવકાર્ય છે.
- સેવા ક્ષેત્રમાં પણ સબસીડી છે તે આવકાર્ય છે.
- મોટા ઉદ્યોગો સ્થાપવા હોય તેને જમીન લીઝ પર ૬%ના દરે મળશે તે ખૂબ જ સારું છે.
- સ્ટાર્ટ અપ માટે વધારો કર્યો તે પણ આવકાર્ય છે.
- કોમન ઈન્ફ્રાસ્ટ્રકચર માટે જે સુધારો છે તે પણ સારું છે.

---

આ પોલીસીના સંદર્ભમાં પ્રતિભાવ આપતા ચેમ્બરના મેનેજિંગ કમિટિના સભ્યો શ્રી નિખીલભાઈ મદ્રાસી અને શ્રી મનીષભાઈ કાપડીયાએ જણાવ્યું હતું કે, એમ.એસ.એમ.ઈ. માટે આ પોલિસી ખરેખર આવકાર દાયક અને ઉપયોગી છે. સુરતમાં નાના અને મધ્યમ ઉદ્યોગો વિશાળ માત્રામાં હોઈ આ પોલિસિ સુરતના ઉદ્યોગોને વેગ આપનારી પોલિસી બની રહેશે.

---

આ પોલીસીના સંદર્ભમાં પ્રતિભાવ આપતા મેનેજિંગ કમિટી સભ્ય શ્રી આશિષ ગુજરાતીએ જણાવ્યું હતું કે

- ઈન્ડસ્ટ્રીયલ પોલીસીમાં ટેકનિકલ ટેક્ષ્ટાઈલનો સમાવેશ કરવામાં આવ્યો છે. પરંતુ જનરલ ટેક્ષ્ટાઈલનો સમાવેશ કરવામાં આવ્યો નથી તેથી જનરલ ટેક્ષ્ટાઈલ માટે ટેક્ષ્ટાઈલ પોલીસી–૨૦૧૯ નો લાભ લેવો પડશે. જો જનરલ ટેક્ષ્ટાઈલનલ સમાવેશ આ પોલિસિમાં કરી દેવામાં આવ્યો હોત તો તે વધુ આવકાર્ય બનતે.

- જુની જોગવાઈ મુજબ સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રી માટે ૨૫% અથવા મહત્તમ રૂા. ૨૫ લાખની સબસીડીની જોગવાઈ હતી. જે વધારીને રૂા. ૩૫ લાખની કરવામાં આવી છે અને રૂા. ૧૦ કરોડ થી વધારેનું ઈન્વેસ્ટમેન્ટ હોય તો ૪૫ લાખ રૂપિયા સબસીડી મળશે. આ જોગવાઈથી ઘણા અનવાયેબલ બિઝનેસ વાયેબલ થઈ જશે પરંતુ જો સબસીડીની રકમની કેપ રાખવામાં ન આવે તો એક જ ઉદ્યમી ધ્વારા મલ્ટીપલ કંપનીઓ ખોલવાની જરૂરીયાત નહી રહેશે.

---

આ પોલીસીના સંદર્ભમાં પ્રતિભાવ આપતા મેનેજિંગ કમિટી સભ્ય શ્રી ગીરીશભાઈ લુથરાએ જણાવ્યું હતું કે

- નવા ઉમેરા તરીકે ઔદ્યોગિક વિસ્તારના મજૂરોને રહેવા માટે ડોરમેટરી હાઉસીંગ માટે ૮૦% સબસીડી અને મહત્તમ ૨૫ કરોડની સબસીડી આપવામાં આવશે. જેનાથી માઈગ્રન્ટ લેબરની અવર જવર ઘટશે અને તેઓને રહેવાની સારી સુવિધા મળશે.

- ઝેડ.એલ.ડી. પ્લાન્ટ માટે પહેલા ૩૫% અથવા મહત્તમ રૂા. ૩૫ લાખની સબસીડીની જોગવાઈ હતી જે વધારીને ૫૦% સબસીડી અને મહત્તમ રૂા. ૭૫ લાખની કરવામાં આવી છે.

- કોમન એન્વાયરોમેન્ટ સુવિધા જેવી કે સીઈટીપી, ટી.એસ.ડી.એફ. પ્લાન્ટ વિગેરે માટે ૨૫% હતી અને મહત્તમ રૂા. ૫૦ કરોડ હતી જે વધારીને ૪૦% સબસીડી અને મહત્તમ ૫૦ કરોડ થતા ઈન્ડસ્ટ્રીયલ પાર્કસને લાભ થશે.

- નેટ જી.એસ.ટી. રિફંડ સ્કીમને બદલીને અપફ્રન્ટ કેપીટલ સબસીડીમાં તબદીલ કરવામાં આવી છે. અગાઉની પોલિસી પ્રમાણે મહત્તમ ૧૦ વર્ષના સમયગાળા દરમ્યાન ૨૦૦ કરોડ સુધીની સબસીડી મળવાની શકયાતા હતી જેની જગ્યાએ કોઈપણ પ્રકારની મેકસીમમ લીમીટ કાંઢી નાંખવામાં આવી છે તેનાથી ૧૦૦૦ કરોડ કે તેથી વધુના કેપિટલ વાળા પ્રોજેકટને પણ ૨૦ વર્ષ સુધી સબસીડીનો લાભ મળી શકશે. આ પ્રાવધાનથી મેગા પ્રોજેટકસને વધુ વેગ મળશે.

- ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર (ઈન્ડસ્ટ્રીયલ પાર્ક) સ્થાપવા માટે ૨૫% સબસીડી અને મહત્તમ ૩૦ કરોડ સબસીડી આપવામાં આવશે જે પહેલા ૨૫ કરોડ આપવામાં આવતી હતી. અને નવા ઉમેરા તરીકે હવેથી વનબંધુ તાલુકામાં ૫૦% સબસીડી અને મહત્તમ ૩૦ કરોડ સબસીડી આપવામાં આવશે. જેનાથી આદીવાસી વિસ્તારોમાં રોજગારી અને ઈન્ફ્રાસ્ટ્રકચર વધશે.

---

આ પોલીસીના સંદર્ભમાં પ્રતિભાવ આપતા ચેમ્બરના અગ્રણી સભ્ય શ્રી બ્રિજેશભાઈ ગોંડલીયાએ જણાવ્યું હતું કે,

- ઈન્ટરેસ્ટ સબસીડીની સમય મર્યાદા અત્યાર સુધી ૫ વર્ષની હતી જે વધારીને ૭ વર્ષની કરવામાં આવી છે અને સબસીડીની રકમની મહત્તમ મર્યાદા વાર્ષિક રૂા. ૩૦ લાખ થી વધારીને રૂા. ૩૫ લાખ થતા ઉદ્યોગપતીઓને કેપીટલની તરલતા વધશે અન પે બેક પીરીયડ ઘટશે અને આર.ઓ.આઈ (રિટર્ન ઓન ઈન્વેસ્ટમેન્ટ) ના આંકડાઓમાં સુધારો થશે. પરંતુ જો સબસીડીની રકમની કેપ રાખવામાં ન આવે તો એક જ ઉદ્યમી ધ્વારા મલ્ટીપલ કંપનીઓ ખોલવાની જરૂરીયાત નહી રહેશે.

---

આ પોલીસીના સંદર્ભમાં પ્રતિભાવ આપતા ચેમ્બરના અગ્રણી સભ્ય શ્રી સંદીપ નાણાવટીએ જણાવ્યું હતું કે

- સર્વિસ સેકટર માટે ઈન્ટરેસ્ટ સબસીડી ૫% હતી જે વધારીને ૭% કરવામાં આવતા સર્વિસ સેકટરને ફાયદો થશે અને નવા સેકટરોનો ઉમેરો કરવામાં આવ્યો છે જે આવકાર દાયક છે.

---

આ પોલીસીના સંદર્ભમાં પ્રતિભાવ આપતા ચેમ્બરના મેજેનિંગ કમિટિના સભ્ય શ્રી હિમાંશુ બોડાવાળાએ જણાવ્યું હતું કે

- આ પોલિસિમાં પ્રથમવાર વિદેશી પેટેન્ટેટ ટેકનોલોજી જે એકવાયર કરે છે તેઓને વિદેશી ટેકનોલોજી એકવાયર કરવાના કુલ ખર્ચના ૬૫% અને મહત્તમ રૂા. ૫૦ લાખ સબસીડીની જોગવાઈથી કેમીકલ, ફાર્માસ્યુટીકલ, ડાઈઝ, એન્જીનીયરીંગ, ઓટોમોબાઈલ તથા ડીફેન્સ સેકટરના એમ.એસ.એમ.ઈ.ને ફાયદો થશે.

- માર્કેટ ડેવલપમેન્ટ સ્કીમની સબસીડીની રકમમાં જે ઘટાડો કરવામાં આવ્યો છે જે નિરાશાજનક બાબત છે. નવી પોલિસિ મુજબ એકઝીબીશનના સ્ટોલના ૭૫% ભાડું અથવા રૂા. ૨ લાખ મહત્તમ અને વિદેશમાં ૬૦% અથવા મહત્તમ ૫ લાખ જે જુની પોલિસિમાં એકઝીબીશનના સ્ટોલના ૬૦% ભાડું અથવા રૂા. ૫ લાખ મહત્તમ અને વિદેશમાં ૬૦% અથવા મહત્તમ ૧૦ લાખ હતું.

---

આ પોલીસીના સંદર્ભમાં પ્રતિભાવ આપતા ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખશ્રી ચેતનભાઈ શાહે જણાવ્યું હતું કે,

- સોલારમાં પાવર સાઈકલની ગણતરી ૧૫ મિનિટથી વધારીને સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ કલાક સુધી વધારી છે એટલે કે ૧૧ કલાક કરી છે. વધારાની સૂર્ય ઉર્જાની ખરીદી કિંમત ૧.૭૫ પ્રતિ યુનિટથી વધારીને ૨.૨૫ પ્રતિ યુનિટ કરવામાં આવી છે. જેને કારણે એમ.એસ.એમ.ઈ. ઔદ્યોગિક એકમોમાં સોલાર ઈન્સ્ટોલેશન વધશે. આ ઉપરાંત પ્રથમવાર ઈન્ડસ્ટ્રીયલ સોલાર પ્લાન્ટ નાંખવા માટે લીધેલી લોન પર ઈન્ટરેસ્ટ સબસીડી આપવામાં આવી.

---

આ પોલીસીના સંદર્ભમાં પ્રતિભાવ આપતા ચેમ્બરના અગ્રણી સભ્ય શ્રી સંજયભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે

- ઔદ્યોગિક એકમોને જમીનની બજાર કિંમતના ૬% લીઝ રેન્ટ પર આપવામાં આવશે. આનાથી નાના ઉદ્યોગ સાહસિકોને ઉદ્યોગની સ્થાપના કરવા માટે સસ્તી અને સરળતાથી મળી શકશે.

---

આ પોલીસીના સંદર્ભમાં પ્રતિભાવ આપતા ચેમ્બરના મેનેજિંગ કમિટિના સભ્ય શ્રી જીતુભાઈ વખારીયાએ જણાવ્યું હતું કે,

- ઈન્ફ્રાસ્ટ્રકચર જેમ કે, રસ્તા, વેયર હાઉસ, ફાયર હાઉસ, અંડર ગ્રાઉન્ડ યુટીલીટી જેમાં ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રકચર માટે પ્રોજેકટ કોસ્ટના ૮૦% કે જે પહેલા ૬૦% હતી અને મહત્તમ ૨૫ કરોડની સબસીડી આપવામાં આવશે.

- કોમન બોઈલર પ્રોજેકટમાં સબસીડીમાં ૫૦% તથા મહત્તમ ૨ કરોડ જે પહેલા ૩૫% અને મહત્તમ ૨ કરોડ હતું.

---

આ પોલીસીના સંદર્ભમાં પ્રતિભાવ આપતા ચેમ્બરના મેનેજિંગ કમિટિના સભ્ય શ્રી ધીરૂભાઈ શાહે જણાવ્યું હતું કે,

- ફેકટરી રિલોકેશન એટલે કે શહેરી વિસ્તારમાંથી શહેરની બહાર રિલોકેટ કરવા માટે પ્રોજેકટ કોસ્ટના ૨૫% અને મહત્તમ ૨૫ કરોડની જુની જોગવાઈ ચાલુ રાખવામાં આવી છે.

---

આ પોલીસીના સંદર્ભમાં પ્રતિભાવ આપતા ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખશ્રી બી.એસ. અગ્રવાલે જણાવ્યું હતું કે,

- નવી ઈન્ડસ્ટ્રીયલ પોલિસિના કારણે એક્ષ્પોર્ટ સ્પર્ધાત્મક થશે અને ગુજરાતના ઉદ્યમીઓને નિકાસ કરવામાં વધુ સરળતા રહેશે. – બી.એસ. અગ્રવાલ